## મોક્ષમાર્ગ રહસ્ય પ્રકાશક નિષ્કારણ કરુણામૂર્તિ મુમુક્ષુજીવોના પરમ હિતસ્વી જિનવાણી મર્મજ્ઞ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ૯૦મા જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે કોટી કોટી વંદન !!




નિશ્ચય રત્નત્રય પ્રાપ્ત, પરમાગમ-સુધાના રહસ્યજ્ઞ, જિનમાર્ગ પ્રતિ અખંડ નિષ્ઠાવાન,
જેમની નિષ્કારણ કરુણાને નિત્ય સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે,
મોહસ્વંયભૂરમણ સમુદ્રને ભુજાએ કરી તરી ગયા, એવા હે પ્રખર પુરુષાર્થના સ્વામી!
ભાવ અપ્રતિબદ્ધપણે વિચરનારા આપના પ્રત્યે અચળ પ્રેમ અને સમ્યક્ પ્રતીતિ હો, એ
ભાવનાસહિત આપના ચરણોમાં ભક્તિ-પુષ્પ અર્પણ કરીએ છીએ!


– 'સ્વાનુભૂતિપ્રકાશ' પરિવાર

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૯ : અંક–૨૯૯, વર્ષ–૨૪, નવેમ્બર–૨૦૨૨

**શ્રાવણ સુદ ૨, બુધવાર, તા.૨૦–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૯૩,૯૪, પ્રવચન–૩૯**





કહે છે, આ આત્મા આત્મા વસ્તુ અખંડાનંદ પ્રભુ, એની સન્મુખમાં જે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ તેટલો ભગવાને ધર્મ કહ્યો છે. એને નિર્જરા અધિક થઈ જાય છે, આસ્રવ થોડોક રહે છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી થોડો આસ્રવ રહે છે. અજ્ઞાનીને તો એકલો આસ્રવ જ છે. કારણ કે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય એમાંથી એકેય ટળ્યું નથી. એ પૂરો આસ્રવ છે. ભગવાન અરિહંતને કાંઈ આસ્રવ નથી. ઈર્યાપદ આસ્ત્રવ એક સમયનો એ કાંઈ આસ્રવ નથી. એ પૂર્ણ અણાસ્રવી પૂર્ણ અનંત જ્ઞાનાદિને પ્રાપ્ત થયા. હવે ધર્મી જે સાધક છે, એને આત્માના સન્મુખની દૃષ્ટિ થઈ છે તેથી આત્માના આનંદના અંશનો અનુભવ છે, એને જ્ઞાનચેતના અંદરમાં પ્રગટી છે તેથી સંવર અને નિર્જરા વિશેષ છે, આસ્રવ એને થોડોક છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

માટે આત્મધ્યાન જ મોક્ષમાર્ગ છે. રાગ ને પુણ્યનું ધ્યાન એ કંઈ મોક્ષમાર્ગ નથી. વચ્ચે આસ્રવ હોય, પુણ્ય–પાપ પરિણામ (હોય) પણ એ કંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો મોક્ષસ્વરૂપ જે ભવગાનઆત્મા, વિકાર અને કર્મ ને શરીરથી રહિત સ્વરૂપ એવો મોક્ષતત્ત્વ સ્વરૂપ, નિશ્ચય મોક્ષસ્વરૂપશક્તિ, એની દૃષ્ટિ કરવાથી મોક્ષનો માર્ગ પ્રગટે

છે. અને પુણ્ય-પાપ ને રાગ-દ્વેષ તો બંધનું લક્ષણ છે, એ તો બંધ સ્વરૂપ છે. એટલે બંધના લક્ષે, બંધના સ્વરૂપે-આશ્રયે કોઈ દિ' છૂટવાનો માર્ગ પ્રગટ થાય નહિ. સમજાણું કાંઈ? આહાહા..! સીધી સરળ (વાત છે). પણ એણે કોઈ દિ' અનંતકાળમાં એ પ્રભુ પાસે રહ્યો, એ પાસે રહ્યો પણ એણે સામું જોયું નહિ. આહાહા..! આમ (બહાર) જ જોયા કર્યું છે અને એમાંથી કાંઈક લાભ થશે, બહિર્મુખ દષ્ટિથી લાભ થશે, આમ જ એણે અંતર્મુખ ભગવાનઆત્માને દષ્ટિમાંથી ઓઝલ કરી નાખ્યો છે. હેં? આહાહા..!

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ આત્મા, જેનું સર્વજ્ઞ પણ પૂરું કથન કહેતાં વાણીમાં ન આવે એવો આત્મા છે. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો, જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.' 'ગોમ્મટસાર'માં આવે છે કે, ભગવાને જાણ્યું તે અનંતમા ભાગે કહી શક્યા. આહાહા..! **'તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?'** કેવળી પરમાત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં પૂર્ણ મુક્તિ થઈ ગઈ, ભાવમુક્તિ (થઈ ગઈ), ભલે ચાર (અઘાતિકર્મ) બાકી રહી ગયા, એનું કાંઈ નહિ. ભાવમુક્તિ થઈ ગઈ. એ પણ ભગવાનઆત્માની જાતભાતની વાત પૂરી કહી શકે નહિ. તો 'તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' 'શ્રીમદ્ રાજચંદ્ર' ત્રીસ વર્ષે ભાવના કરે છે. આત્મદષ્ટિ થયા પછીની વાત છે, હોં! ઓ..હો..! આવો ભગવાનઆત્મા ક્યાં પુણ્ય અને પાપના વિકલ્પના આસ્રવથી જીવતત્ત્વ ભિન્ન, અરે..! એના ભાન થયા, કહે છે કે, એ વાતું અનુભવગમ્ય થઈ ગઈ. અનુભવગમ્ય! ગૂંગાનો ગોળ. ગૂંગા ગોળ કેવો? એવો ભગવાનઆત્મા, એનો અનુભવ થવો એનું ધ્યાન (થવું) એ એક જ મોક્ષનો માર્ગ છે.

**'આત્મધ્યાની જ ગુણસ્થાનોની શ્રેણીએ ચઢી શકે છે.'** જુઓ! શું કહે છે? ચોથે ગુણસ્થાને, પાંચમે, સાતમે અને પછી છઠ્ઠે આવે છે, એ ગુણશ્રેણીની શ્રેણી આત્મધ્યાની કરી શકે છે. રાગના વિકલ્પમાં અટકેલો ગુણસ્થાનની શ્રેણી વધારી શકતો નથી. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણાનંદ શાંતસ્વરૂપ મહા પિંડ ચૈતન્ય, ચૈતન્યપિંડ, ચૈતન્યદળ, ચૈતન્યનૂર, ચૈતન્યપૂર એવો પૂર્ણાનંદ પ્રભુ, કહે છે, એની દષ્ટિ, એનું ધ્યાનએકાગ્રતા દ્વારા ગુણસ્થાનની શ્રેણી વધે છે. રાગને અવલંબે, પુણ્યના અવલંબે કંઈ ગુણશ્રેણીની ધારા વધતી નથી. ચૈતન્યના એકાગ્રતાની ધારાએ ગુણસ્થાન ધારા વધે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્તુ પૂર્ણાનંદ સ્વરૂપ, એવો આત્મા, એમાં આરૂઢ થવાથી ગુણધારા ગુણશ્રેણી ગુણસ્થાન વધે છે. ગુણધારા, ગુણશ્રેણી કહો કે ગુણસ્થાન (કહો). એ સિવાય કોઈ રાગ ને પુણ્ય ને નિમિત્તને આશ્રયે ગુણસ્થાનની ધારા વધતી નથી. આહાહા..! કહો, સમજાણું આમાં?

**'મુમુક્ષુએ એક આત્મધ્યાનનો જ અભ્યાસ કરવો જોઈએ.'** પછી નિર્વિકલ્પની થોડી વાત કરી છે. 'નિશ્ચયનય ત્રિકાળ શુદ્ધ આત્માનું દર્શન કરાવે છે.' નિશ્ચયનય તો આત્મા ત્રિકાળ શુદ્ધ છે એવા દર્શન કરાવે છે. વ્યવહારનય તો ભેદ અને રાગના દર્શન કરાવે છે. આહાહા..! હજી નાખ્યું છે એણે, ભાઈ! સાતમી ગાથા આવે છે ને.

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**

ભગવાન 'કુંદકુંદાચાર્ય' આમ કહે છે ને? બે મતમાંથી અત્યારે વ્યવહારનો ઉપદેશ દેવો એ સાચો મત છે. આ ભગવાને કહ્યું અને એ નિષેધ છે, ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' અર્થ કર્યો એ અત્યારે સાચો નથી (એમ માને છે). અરે..! ભગવાન! શું થયું પણ આ? સમજાય છે કાંઈ? **'ण वि होदि अप्पमत्तो'** જ્યાં છઠ્ઠામાં પુણ્ય-પાપના વિકલ્પના ભેદ કાઢી નાખ્યા, અસદ્ભુત વ્યવહારના ઉપચાર અને અનુપચાર(ના ભેદ કાઢી નાખ્યા) અને પરનું જ્ઞાન ઉપચાર છે એને કાઢી નાખ્યું. સાતમી (ગાથામાં) ગુણ-ગુણીનો ભેદ છે તે કાઢી નાખ્યો. એટલે સદ્ભુત અનુપચાર કાઢી નાખ્યો. એકલો જ્ઞાયકસ્વરૂપ છે

એમાં એ ભેદ નથી. ભેદ પાડવો એ વિકલ્પનું કારણ, એ બંધનું કારણ છે. માટે તે મોક્ષનો માર્ગ નથી. એમ ત્યાં સિદ્ધ કરવું છે. એકલો ભગવાન જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક એવો વિકલ્પ નહિ, હોં! આ તો સમજાવવામાં શું આવે? એકલો ચૈતન્ય, ભેદ જે પુણ્ય–પાપના અચેતન વિકલ્પો જડ નામ ચૈતન્યના નૂર વિનાના, એનાથી ભિન્ન પડેલું ચૈતન્ય, એકલું જ્ઞાનનું પરિણમન, જ્ઞાયકભાવથી કરે અને એ પરિણમનમાં જ્ઞાયકભાવ શુદ્ધ જે દૃષ્ટિમાં આવે એને ધર્મદૃષ્ટિ કહે છે. આહાહા..! હવે આ દૃષ્ટિ વિના વ્યવહાર અત્યારે કહો, પંચમકાળમાં નિશ્ચય મોક્ષમાર્ગ નથી (એમ કહે છે). ભગવાન! તેં ગજબ કર્યો. આહાહા..! પણ નિશ્ચય વિના વ્યવહાર હોય જ નહિ. સ્વઆશ્રયે નિશ્ચય પ્રગટ્યો ત્યારે પરાશ્રયે કાંઈક રાગ બાકી રહી ગયો એને વ્યવહાર કહે છે. એકલો પરાશ્રય ભાવ હોય એને મિથ્યાદૃષ્ટિ અને અધર્મ કહે છે. અને એકલો સ્વાશ્રય પૂર્ણ પ્રગટ થઈ ગયો એ કેવળજ્ઞાની થઈ ગયા. અને સ્વઆશ્રયની દૃષ્ટિ, જ્ઞાનથી આશ્રય શરૂ થયો પણ પૂર્ણ સ્વઆશ્રય હજી થયો નથી, એમાં શુભરાગાદિ પરાશ્રય હજી બાકી રહી ગયો, એને વ્યવહાર કહે છે. વસ્તુની સ્થિતિ આ છે. સમજાણું કાંઈ? હવે એને કહે છે કે, અત્યારે વ્યવહાર મોક્ષમાર્ગ કહો, અત્યારે નિશ્ચય નહિ. નિશ્ચય તો આઠમા ગુણસ્થાને આવશે, અરે.. ભગવાન!

મુમુક્ષુ : ગુણસ્થાન તો પહેલું છોડવું પડશે.

ઉત્તર : ગુણસ્થાન શેનું છોડશે? વ્યવહારની દૃષ્ટિવાળાને ત્રણકાળમાં ગુણસ્થાન ફરે જ નહિ. સમજાણું કાંઈ?

એટલે અહીં કહે છે, 'નિશ્ચયનય ત્રિકાળ શુદ્ધાત્માનું દર્શન કરાવે છે.' અભેદ અભેદ. ભેદ છે તે તો વિકલ્પ છે. વિકલ્પથી ધર્મની શરૂઆત થાય છે? સમજાણું કાંઈ? પછી ઘણી લાંબી વાત કરી છે. '**નિશ્ચયધર્મને ઉપાદાન સાધન અને વ્યવહારને નિમિત્ત સાધન જાણવું.**' ભગવાનઆત્મા..! અરે..! પોતાના સ્વરૂપનો આશ્રય (થવો) એ તો કંઈ વાત છે! અનંતકાળમાં એણે આશ્રય લીધો જ નથી. પોતે અનંતકાળથી બહાર જ ડોકિયાં માર્યા છે. બહિર્બુદ્ધિ, એનું નામ બહિર્બુદ્ધિ છે, એનું નામ બહિરાત્મા છે, એનું નામ બહિરાત્મા છે. અંતરાત્મા જ્ઞાયકસ્વરૂપમાં દૃષ્ટિ આપતા હજી પરમાત્મા ભલે થયો નહિ, પણ પરમાત્મા મારું સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ ત્યાં અંતરાત્મા થયો. સમજાણું કાંઈ? અને હું પુણ્ય ને પાપ, ને રાગ ને દયા, દાન, વ્રતવાળો છું એ તો હજી મિથ્યાદૃષ્ટિ, અધર્મી, અજ્ઞાની છે. એ તો બહિર્બુદ્ધિ, બહિરાત્મા છે. બહિર (એટલે) જેના સ્વભાવમાં નથી, એવા વિકલ્પને પોતાનું સ્વરૂપ માનીને ત્યાં અટક્યો છે, એ તો બહિરાત્મા છે. આહાહા..! સીધી વાત છે. ભગવાન સીધો સરળ ચિદાનંદ પડ્યો છે. સત્ સરળ છે, સત્ સર્વત્ર છે, સત્ સુગમ છે. પણ એણે એવું દુર્ગમ કરી નાખ્યું છે (કે) એની વાત સાંભળવી એને (ગોઠતી નથી). નિશ્ચય નહિ, નિશ્ચય નહિ, નિશ્ચય નહિ. નિશ્ચય એટલે સત્ય નહિ. વ્યવહાર એટલે આરોપિત, એ સાચું. આહાહા..!

આ જૈન કંઈ સંપ્રદાય નથી. એ વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાય છે? જૈન એટલે પૂર્ણાનંદનો નાથ પ્રભુ, પોતાનો આશ્રય લઈને પરાશ્રય અજ્ઞાન અને રાગ–દ્વેષને ટાળે તેને જૈન કહેવામાં આવે છે. એ તો વસ્તુની સ્થિતિ છે. એમાં પરમેશ્વરે કાંઈ નવો ધર્મ નથી કર્યો. કેટલાક એમ કહે છે કે, ભગવાને તો બધાના અનેકાંત નયો લઈને ધર્મ કહ્યો. એમ હશે?

મુમુક્ષુ : બધાનો સમન્વય કરે છે.

ઉત્તર : ધૂળેય કર્યો નથી. વસ્તુ આવી છે. બધાના નયો લઈને અનેકાંત માર્ગ બધો ભેગો કરીને કહ્યો? ભગવાનના જ્ઞાનમાં પહેલેથી નથી આવ્યું કે, આવો આત્મા પૂર્ણાનંદ અખંડ અભેદ છે અને બીજાની નય ભેગી કરીને કહ્યો. આવા ને આવા. સમજાય છે કાંઈ?

આત્મા એક સમયમાં પૂર્ણ અખંડ આનંદકંદ ધ્રુવ સ્વભાવ અનંત ગુણનો પિંડ (છે). પર્યાયનું પરિણમન, દ્રવ્યનું ધ્રુવપણું એવું એનું સ્વરૂપ જ છે. એવું સ્વરૂપ ભગવાને તો પૂર્વે સમ્યગ્દર્શન–જ્ઞાનમાં જાણ્યું હતું. જન્મ્યા ત્યારે તો ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા. પછી જગતની

નયો ભેગી કરીને કહ્યું, એવું હતું ક્યાં? આહાહા..! કેટલાક પંડિતો આ પુસ્તકમાં લખે છે. ઘણા મતોના નય હતા એને ભગવાને ભેગા કર્યા. અરે..! ભગવાન! તું શું કહે છે?

મુમુક્ષુ : સમન્વય કરવા.

ઉત્તર : કોની સાથે સમન્વય થાય? ધૂળ સાથે?

આ તો અખંડ પ્રભુ એક સમયમાં અનંત ગુણનો પિંડ, અનંતા ગુણ તે કેટલા? આકાશના પ્રદેશથી અનંતગુણા. લાવો તો ખરા વાત. એવું ન હોય તો એ ચીજ જ ન હોય. મહાપદાર્થ મોટો પ્રભુ, અસંખ્ય પ્રદેશમાં અનંતા અનંતા ગુણો વ્યાપેલા છે. સ્વભાવની મૂર્તિ, એને શું કહેવું! અરૂપી સ્વભાવનું દળપિંડ, ચિત્‌પિંડ, ચિદ્‌ઘન, આનંદઘન, જ્ઞાનઘન એમ કહ્યું છે ને શાસ્ત્રમાં? વિજ્ઞાનઘન. આહાહા..! એવો ભગવાન જેમાં આકાશના પ્રદેશના અમાપ.. અમાપ. અમાપ.. પછી ક્યાં માપ? એવા અમાપના અંત નહિ, એના પ્રદેશોની સંખ્યા કરતાં ભગવાન અસંખ્ય પ્રદેશમાં રહ્યો, (આકાશના પ્રદેશો) કરતાં અનંતા અનંતગુણા ગુણો આમાં છે. એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? એવા અનંતા અનંતા અનંત ગુણોનો જ્યાં આશ્રય લીધો ત્યાં સમ્યગ્દર્શન ને જ્ઞાનનો અનુભવ થયો, એને આસ્રવ ઘણો જ ઘટી ગયો. સંવર, નિર્જરા વધી ગઈ. સમજાણું કાંઈ?

અનંતાઅનંત ગુણસ્વરૂપ ભગવાન, એની જ્યાં અંતરદૃષ્ટિ, અનુભવ અને સમ્યક્ થયો ત્યારે કોઈ ગુણની કેટલાક ગુણની કાંઈક વિપરીત અવસ્થા થોડી રહી એ તો અલ્પ રહી છે. અલ્પ બંધન અને અલ્પ આસ્રવ છે. અને અનંતાઅનંત ગુણનો જ્યાં આદર થઈને અનંતા અનંત ગુણની પર્યાયની વ્યક્તતા નિર્મળ સમ્યગ્દર્શન થતાં થઈ (ત્યાં) નિર્જરા અધિક થઈ ગઈ છે, આસ્રવ ઘટી ગયો છે. નિશ્ચયના કથનમાં તો સમ્યગ્દૃષ્ટિને બંધ નથી એમ પણ કહેવાય છે. કારણ કે સ્વભાવમાં નથી, એની દૃષ્ટિમાં નથી. બંધનો ભાવ બંધના કારણમાં નાખી દીધો, જ્ઞેયમાં (નાખી દીધો). પણ કદાચિત્ એની પર્યાયમાં મંદતા છે, કારણ કે પૂર્ણ અનંત ગુણોની પૂર્ણ વ્યક્ત દશા થઈ નથી તેથી એને અલ્પ રાગાદિ છે પણ એ આસ્રવ ઘણો થોડો છે અને મોક્ષમાર્ગ તો અંદર વધી ગયો, અધિક (થઈ ગયો છે). આત્મા **'णाणसहावाधियं मुणदि आदं'** રાગથી, નિમિત્તથી, ભેદથી ભિન્ન પાડીને અધિક આત્માની જ્યાં દૃષ્ટિ થઈ એને મોક્ષમાર્ગ હાથમાં આવી ગયો. આહાહા..! પણ એ વસ્તુનું જોર છે, ભાઈ! દૃષ્ટિ તો કરી એની ને! આવો આત્મા (છે). ભાઈ! આત્મા એટલે શું! સાક્ષાત્ પરમાત્મરૂપ. દ્રવ્ય સ્વરૂપ એટલે સાક્ષાત્ શક્તિ સ્વભાવ ગુણ પરમાત્મરૂપ. સમજાણું કાંઈ?

કહે છે કે, એમાં જ્યાં એકાગ્ર થાય એટલે એને ઉપાદાનનું સાધન વધી ગયું અને કંઈક રાગ બાકી રહ્યો છે તો એને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. પણ શુદ્ધ ઉપાદાન અંતર અનંત ગુણોનો પિંડ, એનું જ્યાં સાધન એકાગ્ર થઈને થયું એ શુદ્ધ ઉપાદાન સાધન નિશ્ચય. દેવ–ગુરુ–શાસ્ત્ર આદિનો રાગ કંઈક બાકી રહ્યો એને વ્યવહાર નિમિત્ત સાધનનો આરોપ કરીને સાધન કહ્યું છે. ખરેખર એ બાધક છે. સમજાણું કાંઈ? પણ એ ગુણસ્થાનને યોગ્ય, એવા જ સાચા દેવ, એવા જ સાચા ગુરુ, એવા જ સાચા શાસ્ત્ર એનો એને એ જાતનો શુભરાગ હોય, બીજો કુદેવ, કુગુરુનો ન હોય અને તે છઠ્ઠે ગુણસ્થાન આદિમાં રાગની મંદતા એટલી હોય કે પંચ મહાવ્રતના પરિણામમાં વસ્ત્ર, પાત્ર લેવાની વૃત્તિ ન હોય. એવા કષાયની મંદતાની યોગ્યતા વ્યવહારથી નિમિત્તની અનુકૂળતા દેખી વ્યવહાર સાધનનો આરોપ આપ્યો છે. સમજાણું કાંઈ? આ વસ્તુસ્થિતિ ત્રણકાળમાં ફરે એવી નથી. સમજાણું કાંઈ? તો પહેલો એણે નિશ્ચયનો આશ્રય કરવો જોઈએ.

**(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં..)**



# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત અનુભવ સંજીવનીમાંથી ભકિત વિષયક ચૂંટેલા વચનામૃતો

પ્રશસ્ત રાગ ભક્તિનું બહિરંગ છે, સત્‌નું જ્ઞાન ભક્તિનું અંતરંગ છે, જેનાથી જગત અજાણ છે. – આ રહસ્ય સારભૂત છે. રાગ હેય છે અને ઉક્ત જ્ઞાન ઉપાદેય છે. જે મુમુક્ષુને સમકિતનું કારણ છે, તેમજ સર્વ સાધકને વિશેષે કરીને વર્તે છે. ( કૃપાળુ દેવ) (૨૩૫)

*

ધર્માત્મા પ્રતિ નિષ્કામ એવી ભક્તિ / પ્રેમ – તે ખરેખર ધર્મ પ્રત્યેનો પ્રેમ અથવા ભક્તિ છે. તેવી અત્યંત ભક્તિના પરિણામે, તેવા ભક્તિમાન પ્રત્યે પણ ભક્તિ થઈ આવે છે, ત્યારે મુમુક્ષુજીવ સમકિત સંબંધિત નિર્મળતાને વિષે સ્થિત થાય છે અથવા તે ભૂમિકાના ઘણા દોષથી નિવૃત્તિ થવાને યોગ્ય થાય છે. આવી યોગ્યતા જ જ્ઞાન પ્રાપ્તિનું કારણ છે. નહિ તો અલ્પજ્ઞાનની ભૂમિકામાં, અંતર્મુખના અજાણ્યા એવા માર્ગ પ્રત્યે જતાં – જ્ઞાન પ્રધાનપણે જતાં, સ્વરૂપ સંબંધી ભ્રાંતિ અથવા સ્વચ્છંદાદિ દોષની પ્રાપ્તિ થઈ જાય છે. તેથી ઉક્ત એવી ભક્તિ મુમુક્ષુએ રૂડી રીતે આરાધવા યોગ્ય છે. (૫૮૯)

*

જેની દશા મોહ રહિત થઈ છે, એવા નિર્મોહી પુરુષની દશાનું બહુમાન – ભક્તિ, ભક્તિ કરનારના દર્શનમોહને ગાળી નાખે છે, અથવા આવા ભક્તિવાનના મોહનો અનુભાગ સહજ ઘટી / તૂટી જાય છે, તે નિઃસંશય છે. આ રહસ્ય ભક્તિનું સ્વરૂપ છે, જે સહજપણે નિષ્કામ સ્વરૂપે જ હોય છે. મોહનો અભાવ થવો દુષ્કર છે, તો પણ સુગમતાથી થવા અર્થે મહાપુરુષોએ તે ભક્તિ બોધેલ છે. તોપણ તેવા નિર્મોહી મહાત્મા હોવા / મળવા જોઈએ. જે ધરાતલ પર એવા આત્મા વિચરે છે, તે ધરા પણ ધન્ય છે.

સત્પુરુષની વિદ્યમાનતાનું દુર્લભપણું ત્રણે કાળને વિષે રહ્યું છે. તો આ કાળે દુર્લભ હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. પરંતુ મુમુક્ષુજીવને આશ્રય ભક્તિની ભાવનામાં રહેવા જેવું છે. અવિદ્યમાનતા જોઈ ભાવના છૂટી જાય વા મંદ પડી જાય તો પાત્રતાનો અભાવ છે, પાત્રતાવાળાને ભાવનામાં ફેર પડે નહિ. (૭૦૦)

સત્પુરુષના હૃદયમાં બિરાજમાન પ્રગટ પરમતત્ત્વના દર્શન, ધર્માત્માની અંતર્ પરિણતિ દ્વારા, મુમુક્ષુજીવને થાય છે, ત્યારે ઓઘભક્તિનો અભાવ થઈ, ખરી ભક્તિ પ્રગટે છે, અને સત્પુરુષ પરમાત્માપણે દેખાય છે. આવી રીતે સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ થતાં મુમુક્ષુજીવની પાત્રતા ઉત્તમ કક્ષાની હોય છે. અહીં દર્શનમોહ પણ અત્યંત મંદ થાય છે, એટલું જ નહિ, જેમ જેમ સત્પુરુષ પ્રતિ ભક્તિના ભાવ વર્ધમાન થતાં જાય છે, તેમ તેમ દર્શનમોહ સહજપણે નબળો / પાતળો પડતો જાય છે, અને આત્મ સ્વરૂપનું ભાવભાસન થવા યોગ્ય જ્ઞાનની (મતિની) નિર્મળતા આવે છે, અને

સહજ માર્ગ પ્રાપ્તિ થાય છે. (૮૧૧)

*

ગુણ અને ગુણવાન પ્રત્યેનું બહુમાન તે ભક્તિનું સાચું સ્વરૂપ છે. આવી સાચી ભક્તિ ગુણ પ્રાપ્તિ અને જ્ઞાન પ્રાપ્તિનો હેતુ છે. આ ભક્તિ બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ છે. ભાષા જ્ઞાન કે વિદ્વતાથી નિર્મળજ્ઞાનની કોટી ઉંચી છે. જુદી જાત છે. (૧૦૫૪)

*

યથાર્થ ઉપકારી અમૃતપાન દાતાર પુરુષ પ્રત્યક્ષ પ્રત્યે અનન્ય ભક્તિરૂપ એકત્વભાવના મુમુક્ષુજીવને ઉત્કૃષ્ટ આત્મશુદ્ધિનું કારણ છે. તેથી તેમના સમાગમની નિરંતર કામના રહ્યા કરે છે. (૧૧૦૦)

*

સરળતા, મધ્યસ્થતા, શાંતતા, વૈરાગ્ય, આત્મજાગૃતિ આદિ ગુણોની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય એવા સદ્વર્તનથી જ્ઞાનીપુરુષની ભક્તિ પ્રાપ્ત થાય છે. તે પહેલાંની અવગુણ દશામાં જે ભક્તિનો શુભરાગ હોય તે યથાર્થ ભક્તિ નથી. અથવા તે જ્ઞાનીપુરુષની આજ્ઞામાં ન હોવાથી, જ્ઞાનીની દ્રષ્ટિમાં માન્ય એવી ભક્તિ નથી. 'ગુણની ઉપાસના અને ભક્તિ અવિનાભાવી છે.' અથવા કારણ કાર્યરૂપે છે. સદ્વર્તનરૂપ ગુણનું આચરણ તે જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે. જો જીવ તેને ઉપાસે તો ઘણા શાસ્ત્રોના અભ્યાસથી થતું ફળ, સહજમાં ઉપરોક્ત ભક્તિથી પ્રાપ્ત થાય. ક્રમે કરીને તેથી આત્મનિષ્ઠતા પ્રાપ્ત થાય. પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષના ચરણ કમલની ઉપાસના જેનું મૂળ છે. એવા માર્ગનો ક્રમ આ પ્રમાણે જાણવા યોગ્ય છે. (૧૧૧૬)

*

સન્માર્ગને ઈચ્છતા અને ગવેષતા એવા આત્માર્થી જને, અનાદિ સ્વચ્છંદથી રહિત થવા અર્થે પરમવીતરાગ સ્વરૂપ જિનેશ્વરદેવ, સ્વરૂપસ્થિત નિસ્પૃહી નિર્ગ્રંથગુરુ, પરમદયામૂળ વાત્સલ્યયુક્ત ધર્મવ્યવહાર અને પરમશાંત અમૃતરસ રહસ્ય વચન સ્વરૂપ સત્શાસ્ત્રની પરમભક્તિપૂર્વક ઉપાસના સાધકપણાના અંત સુધી કર્તવ્ય છે. આત્મકલ્યાણની ભાવનાવાન જીવને આ પ્રકાર સહજ હોવા યોગ્ય છે. આ પ્રકારે સ્વચ્છંદ ગળવાથી જીવ, દેહાદિ અને રાગાદિથી ભિન્ન, પરમ શુદ્ધ પ્રત્યક્ષ ચૈતન્યમય આત્માનું ભેદજ્ઞાન કરવા સક્ષમ થાય છે. અને વિભાવથી સહજ ઉપશમ થઈ, નિજ સ્વરૂપમાં સ્થિર થાય છે. (૧૧૨૧)

*

પ્રત્યક્ષ ધર્માત્માની ઓળખાણ થતાં, મુમુક્ષુજીવને પરમેશ્વરબુદ્ધિએ પરમ ભક્તિ પ્રગટે છે, સર્વસ્વના દાતાર પ્રત્યે પરમ પ્રેમાર્પણ ભાવ ઉલ્લસે છે. તેથી સ્વચ્છંદ અને માનાદિ શત્રુ  મહાદોષ મટી નમ્રતા ઉત્પન્ન થાય છે, સર્વાર્પણબુદ્ધિ થવાથી, તન–ધનાદિની આસક્તિનો પ્રતિબંધ ટળે છે, અને વૈરાગ્યમય પરિણામ થતાં લોભની ચીકાશ મટે છે. ભક્તિ એ નિજહિતની ગરજરૂપ પાત્રતા હોવાથી, સત્સંગરૂપી વૃક્ષની ઉપાસના કરવા માટે આવશ્યક સરળતા સહિતપણે સેવન થઈ, અમૃતફળ નિપજાવે છે. તેથી પ. કૃ. દેવે મુમુક્ષુ માટે ભક્તિને 'શ્રેષ્ઠ માર્ગ' કહ્યો છે, અર્થાત્ સરળ સુગમ કહી પરમ ઉપકાર કર્યો છે. મુમુક્ષુની ભૂમિકામાં ભક્તિ દ્વારા ભીંજાયેલા પરિણામો ભાવનાવૃદ્ધિ કરી અનેક દોષની નિવૃત્તિ કારક છે. જ્ઞાન તો બહુમૂલ્ય ગણાય છે, તથાપિ ભક્તિ વિના તે શૂન્ય છે. (૧૧૫૭)

*

પ્રશ્ન : નિજ સ્વરૂપનો બોધ પ્રાપ્ત થાય, તેવી બોધબીજ યોગ્ય ભૂમિકા ક્યારે પ્રાપ્ત થાય ?

સમાધાન : સત્પુરુષ પ્રત્યે પરાભક્તિ પ્રગટે ત્યારે, 'પર પ્રેમ પ્રવાહ બઢે પ્રગટે પ્રભુસે, સબ આગમ–ભેદ સુઉર

બસે.' આ એક સાનંદ આશ્ચર્ય છે કે : પરમાત્મા અને સ્વઆત્મા પણ સત્પુરુષના ચરણ સાનિધ્ય પાસે મુખ્ય થતા નથી !! તથાપિ તે જીવને પારમાર્થિક લાભ થાય છે. સત્પુરુષ પ્રત્યેનું બહુમાન આત્માને નિર્મળ કરે છે. તે ભૂમિકાનું તે અમૃત છે. (૧૩૧૩)

*

મુમુક્ષુની ભૂમિકામાં યથાર્થ નિર્મળતા / પાત્રતા આવવામાં મુખ્ય / ખાસ કારણ સત્પુરુષ પ્રત્યે પરમ પ્રેમાર્પણ થવું તે છે. આ અદ્‌ભુત અને સુગમ ઉપાય છે. (૧૩૩૨)

*

પ્રેમરૂપ ભક્તિ વર્ધમાન થઈ પરાભક્તિમાં પરિણમે છે, ત્યાં જ્ઞાનીપુરુષમાં ઐક્યભાવ થાય છે, તેથી મુમુક્ષુજીવની ભૂમિકામાં દર્શનમોહ યથાર્થપણે અત્યંત મંદ થાય છે, અને નિજ પરમાત્મામાં ઐક્યભાવ થવાની યોગ્યતા પ્રાપ્ત થઈ, ઐક્ય સધાય છે. અનંત કાળે આ જ એક માર્ગ છે. (૧૩૪૩)

*

પ્રેમરૂપ નિર્મળ ભક્તિ મહાન પદાર્થ છે. ઉપદેશ બોધ અને સિદ્ધાંત બોધ તેનાં ગર્ભમાં ામાય છે. તેથી ક્ષણમાત્રમાં સ્વરૂપ સધાય છે. આ ભક્તિ આત્મગુણ પ્રત્યેનો અનન્ય પ્રેમ છે, જે ઐક્યને સાધે છે, આત્મ–ગુણને સાધે છે. (૧૩૫૯)

*

આત્માને નિર્મળ થવાને અર્થે આત્મારૂપ એવા જ્ઞાનીપુરુષની નિષ્કામ ભક્તિયોગ રૂપ સંગ એ સર્વ શ્રેષ્ઠ ઉપાય છે. ઘણાં શાસ્ત્રોનો તથા તીર્થંકરદેવનો 'માર્ગબોધ' જોવા જતાં એ જ છે. એવા માર્ગબોધ ઉપર કોઈ મહાભાગ્યનું લક્ષ જાય છે, તે સંસાર તરી જાય છે, સુગમપણે તરી જાય છે. (૧૪૦૧)

*

આત્મચેષ્ટામાં જ વૃત્તિ રહે, તેમના અંતર પુરુષાર્થનું બહુમાન નિરંતર રહ્યા કરે, તે જ નજરાયા કરે – તેમના અપૂર્વગુણ ષ્ટિગોચર થતાં, સ્વચ્છંદ અને પ્રતિબંધ મટે, અને સહજ માત્રમાં આત્મબોધ પ્રગટે, તેવી ભક્તિને નમસ્કાર હો ! પુનઃ પુનઃ નમસ્કાર હો !! (૧૪૨૩)

*

આત્મ–પરિણામની નિર્મળતા થવા અર્થે સત્પુરુષની 'નિષ્કામ ભક્તિ' મુમુક્ષુને ઉત્કૃષ્ટ કારણ છે. આવી નિર્મળતા સમજણની યથાર્થતામાં અને પ્રયોજનની સૂક્ષ્મતાની અંગભૂત છે. (૧૪૨૮)

*

જિજ્ઞાસા : જે જીવ નિજ સ્વરૂપથી અજાણ છે, તે નિજ સ્વરૂપ સાથે કેવી રીતે પ્રેમ કરી શકે ? પોતાના આત્મા સાથે પ્રેમ કરવો તે પરાભક્તિ છે કે પોતાના પ્રભુ (ઉપકારી સત્પુરુષ) સાથે પ્રેમ (ઐક્ય ભાવ) કરવો તે પરાભક્તિ છે ? આવા પ્રેમનું યથાર્થ સ્વરૂપ કેવું હોય ?

ઉત્તર : મુમુક્ષુને પ્રથમ (સ્વરૂપ નિશ્ચય પહેલાં) પ્રત્યક્ષ ઉપકારી જ્ઞાની પ્રત્યે પ્રેમરૂપ ભક્તિ આવે છે, ઐક્યભાવને પ્રાપ્ત થાય તેવી અત્યંત ભક્તિ નિષ્કામભાવે ઉત્પન્ન થાય, તે જ તેનો આત્મા પ્રત્યેનો પ્રેમ છે, કેમકે તેના ભાવમાં સત્પુરુષ અને આત્મા જુદા નથી. તેનું જ નામ ઐક્યભાવ છે અથવા પરાભક્તિ છે. તેનું સ્વરૂપ એવું કે ઘડી એક પણ તેના વિયોગે રહેવું તે અસહ્ય થઈ પડે છે. સત્પુરુષ જ તેનું જીવન થઈ જાય છે. (૧૪૩૨)

***



# 'ભકિત'

**–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**

યદ્યપિ 'ભક્તિ'ને દરેક સંપ્રદાયે, રૂઢિગતપણે માન્ય કરેલ છે. અને તે અંગે પ્રાયઃ ભજન, સંકીર્તન, પદ્યરચના અને ગાવું-ગવરાવવું વગેરે પ્રકારે પ્રવૃત્તિઓ પણ આચરવામાં આવે છે. વળી ક્યાંક પ્રભુ અને ગુરુસેવા / સમર્પણતા આદિના પ્રકારોના પણ ભક્તિ તરીકે સ્વીકારવામાં આવે છે. તથાપિ ભક્તિને માત્ર એટલી જ મર્યાદામાં માન્ય કરવી તે યોગ્ય નથી; કેમકે એનું ઊંડાણ અત્યંત પરમાર્થ હેતુભૂત છે. માટે આ વિષયને, ઘણી ગંભીરતાપૂર્વક, અનેકવિધ પડખાઓથી નિજ આત્મશ્રેયાર્થે વિચારવો જોઈએ. તદર્થ અત્ર યત્કિંચિત્ વિચાર પ્રસ્તુત છે :

અહીં સર્વ પ્રથમ 'ભક્તિ' વિષે એ ગવેષણીય છે કે : લોકમાં પ્રાયઃ 'ભક્તિ'ને રૂઢિ અર્થ પ્રમાણે શુભરાગની પ્રવૃત્તિ / પર્યાય સમજવા - માનવામાં આવે છે. કારણ કે, બહુભાગ ધાર્મિકક્ષેત્રમાં ઓઘસંજ્ઞાએ રાગમય ભક્તિની પ્રવૃત્તિ પ્રચલિત છે. પરંતુ ખરેખરમાં જો 'ભક્તિનું મૂળ' વિચારવામાં આવે તો તે માત્ર રાગમય પરિણામ નથી; બલ્કે જે સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂંઝાઈ, એકમાત્ર પૂર્ણ શુદ્ધિને માટે જ પ્રયત્નશીલ છે એવા અધિકારી મુમુક્ષુજીવના જ્ઞાનમાં, ધર્મ અને ધર્મીનાં અંતર સ્વરૂપની ઓળખાણ દ્વારા, તેનું મૂલ્યાંકન ભાસવાથી, તેના જ્ઞાનમાં તેઓ પ્રત્યે સહજ જ બહુમાન સ્ફુરે છે, અને તેવું 'જ્ઞાન' જ વાસ્તવમાં 'ભક્તિનું મૂળ' છે, 'સ્વરૂપ' છે. તેથી ઉક્ત પરિપ્રેક્ષ્યમાં એમ ફલિત થાય છે કે : 'ભક્તિ'ને જે રૂઢિઅર્થમાં ફક્ત શુભરાગની જ પર્યાય સમજવા - માનવામાં આવે છે, તે પર્યાપ્ત નથી. પરંતુ જો વસ્તુસ્થિતિએ તેના મૂળ સ્વરૂપને વિચારવામાં આવે તો આ સહજ સ્પષ્ટ થઈ શકે તેમ છે કે, તેવો પ્રકાર જ્ઞાનની પર્યાય છે; કેમકે તેમાં યથાર્થ સમજનું / મૂલ્યાંકનનું પ્રભુત્વ પ્રગટ છે.

વળી, 'ભક્તિ'નો લક્ષ્યાર્થ તો આત્મા, નિજપરમાત્મભાવમાં એકરૂપ (તદાકાર) થઈ જાય તે છે. સ્વરૂપ - સન્મુખ જ્ઞાનમાં, સ્વયંનું અનંત સામર્થ્ય અર્થાત્ સાક્ષાત્ સિદ્ધપદ પ્રતિભાસતાં, પોતાનાં અનંત મહિમાવંત - પરમ પદાર્થ પ્રત્યે પરમ મહિમા એટલે કે 'તે-રૂપ' ભક્તિ ઉત્પન્ન થઈ, અભેદ દશા સંપ્રાપ્ત થાય ત્યારે આત્મા નિજપરમાત્મભાવમાં એકરૂપ થાય છે; અને તેવી સ્વાનુભૂતિમાં 'સર્વજિનશાસનની ભક્તિ અને બહુમાન' સમાઈ જાય છે. તેથી ધર્માત્માઓએ તેને બિરદાવી છે.

તેમજ 'ભક્તિ'ના લક્ષ્યાર્થમાં પરમાર્થ સમાયેલો હોવાથી અને તે સર્વ દોષોની નિવૃત્તિની હેતુભૂત હોવાથી, તેને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'શ્રેષ્ઠ માર્ગ' કહ્યો છે.

માટે, મુમુક્ષુએ 'ભક્તિ'ના પ્રકરણની, તેના આશયની સ્પષ્ટતાર્થે અને લક્ષ્યાર્થે, તેના યથાર્થ સ્વરૂપને ગુરુગમે સમજી, તેનું અવગાહન કરવું પરમ આવશ્યક છે.

હવે, અત્ર ઉલ્લેખનીય છે કે : 'ભક્તિ'ના મુખ્ય બે ભેદ છે - વ્યવહારભક્તિ અને નિશ્ચયભક્તિ. તથા તેનાં વિશેષ ભેદ અનેક છે.

વ્યવહારભક્તિ : સદ્દેવ પ્રત્યેની ભક્તિ, સદ્ગુરુ અને સત્શ્રુત - સિદ્ધાંત પ્રત્યેની ભક્તિ. તેમજ સાધર્મી પ્રત્યેની ભક્તિ. આ વ્યવહારભક્તિ, અનાદિ સંસારપ્રત્યેની ભક્તિનો નિષેધ કરે છે.

નિશ્ચયભક્તિ : નિજ પરમાત્મસ્વરૂપના સમ્યક્ રત્નત્રયમય - પરિણામરૂપે પરિણમવું. એવા પરિણામનું નિરૂપણ, અધ્યાત્મશાસ્ત્રોમાં, વિવિધ શૈલીથી કરવામાં આવ્યું છે. અધ્યાત્મરસથી તરબોળ ભાવો વડે આ નિશ્ચયભક્તિનું પ્રતિપાદન કરનારા સંતો અને મહાત્માઓનું આંતરિક વ્યક્તિત્વ વંદનીય છે, અભિવંદનીય છે. આ નિશ્ચયભક્તિ, વ્યવહારભક્તિનો નિષેધ કરે છે, કારણ કે જે તેથી પર છે.

વળી, 'ભક્તિ'માં અનેક ગુણ-ધર્મો હોવાથી સત્શાસ્ત્રોમાં તે વિષે વિવિધ ભેદે અનેક નામથી ઉલ્લેખ જોવામાં આવે છે. જેમ કે : ૧. નામભક્તિ. ૨. સકામભક્તિ. ૩. નિષ્કામભક્તિ. ૪. આશ્રયભક્તિ. ૫. પ્રેમભક્તિ. ૬. માર્ગભક્તિ. ૭. પરાભક્તિ. ૮. અભેદભક્તિ. ૯. રહસ્યભક્તિ. ૧૦. યોગભક્તિ. ૧૧. નિર્વાણભક્તિ. ૧૨. શ્રુતભક્તિ - તેનો સંક્ષિપ્ત વાચ્યાર્થ નિમ્ન છે :-

નામભક્તિ : કથાનુયોગમાં શ્રી તીર્થંકરાદિ પુરાણપુરુષોના ચરિત્રો દ્વારા તેઓના ઉપકારનું સ્મરણ થાય છે. તથા તેઓશ્રીની દૃઢ આત્મનિષ્ઠતા અને ભીષ્મ પુરુષાર્થના દર્શન થતાં તેઓ પ્રત્યે બહુમાનના પરિણામ થવા, તે નામભક્તિ છે.

એવો પ્રકાર વ્યક્તિ - રાગ નથી, પરંતુ તે ગુણાનુરાગ છે. જેમાં તેવા તેવા સર્વ ગુણવંતા મહાત્માઓ પ્રત્યેનો ભક્તિભાવ સમાવિષ્ટ છે. એક મહાત્માના આદરમાં, તેવા સર્વનો આદર, સ્પષ્ટ અભિપ્રાયપૂર્વક અભિવ્યક્ત થાય છે; તે જ્ઞાનાદિ ગુણ પ્રાપ્તિનું કારણ છે.

સકામભક્તિ : ભૌતિક પદાર્થોની કામના - નિદાનપૂર્વક કરાતી ભક્તિ, તે સકામભક્તિ છે. તેનાથી જ્ઞાનને આવરણ આવે છે. તેમાં અશુચિ આદિ દોષનો સંભવ છે. અને તે સંસાર પરિભ્રમણનું કારણ હોવાથી, ત્યાજ્ય છે.

નિષ્કામભક્તિ : સર્વ પ્રકારની કામના / આસક્તિથી રહિત પરિણામો, પોતાનાં આત્મકલ્યાણમાં નિમિત્તભૂત એવા પંચપરમેષ્ઠી, સત્પુરુષ અને તેમની વાણીરૂપ શ્રુત - સત્શાસ્ત્રોનું સ્વરૂપ ઓળખી તેમના પ્રત્યે અત્યંત ઉલ્લાસિત ભાવ થાય, તે નિષ્કામભક્તિ છે. આવી ભક્તિ સ્વયં પવિત્ર હોવાથી તે આત્મગુણ વૃદ્ધિનું અને દોષ નિવૃત્તિનું કારણ છે. નિઃસ્પૃહતાના આશ્રયે અનેક ગુણો સમુત્પન્ન થતા હોવાથી તેનું વિશેષ મહત્ત્વ છે.

આશ્રય ભક્તિઃ મુમુક્ષુ / આત્માર્થીજીવને વિદ્યમાન સદ્ગુરુ - સત્પુરુષની ઓળખાણ અને પ્રતીતિપૂર્વક, સર્વાર્પણબુદ્ધિએ તે મહાપુરુષના ચરણ - શરણના આશ્રયે વર્તવાનો દૃઢ નિરધાર થયો હોય તે એવા પ્રકારે કે, તે મહાપુરુષની વિદ્યમાનતામાં તો તેઓના ચરણ-સાનિધ્યમાં નિરંતર વાસ કરવાનો અભિપ્રાય તો તેને વર્તતો જ હોય, પણ જો તેમ રહેવાતું ન હોય અથવા તેઓની અવિદ્ય - માનતા - પરોક્ષતા અથવા વિરહ હોય તો તે 'આશ્રયભાવ' વિશેષ કરી દૃઢતર થાય, તે આશ્રયભક્તિ છે.

અનાદિથી જીવમાં જે માન અને સ્વચ્છંદ જેવા દૃઢ / પ્રબળ મહાદોષ વર્તે છે, તેને ટાળવા ઘણા દુષ્કર છે. તેમ છતાં તેવા મહાદોષ, પણ તેવી આશ્રયભક્તિ વડે સહજ માત્રમાં નાશ પામી, આર્જવતા (સરળતા) અને માર્દવતા (નમ્રતા) આદિ ગુણો પ્રગટ થાય છે. તેમજ માર્ગપ્રાપ્તિની પરમ યોગ્યતાની સંપ્રાપ્તિ થાય છે. જેટલા પ્રમાણમાં આશ્રયભક્તિ દૃઢ થાય તેટલા જ પ્રમાણમાં સત્પાત્રતા પ્રગટ થાય છે.

પ્રેમભક્તિ : સુપાત્રતાવશ મુમુક્ષુને જ્ઞાની ધર્માત્માની ઓળખાણ થવાથી, તેઓ પ્રત્યે અત્યંત પ્રેમ - પરિણામોનો પ્રવાહ નિરંતર પ્રવાહિત રહે, અને ''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે'' - એવા પરિણામ સત્પુરુષ, પ્રત્યે સર્વાર્પણબુદ્ધિએ ઉત્પન્ન થાય, તો તે પ્રેમભક્તિ છે.

આ પરિપ્રેક્ષ્યમાં પૂજ્ય શ્રી સોભાગભાઈ એક જીવંત ઉદાહરણ છે. પરમકૃપાળુ શ્રીમદ્જી સ્વયં લખે છે કે 'શ્રી સોભાગ પ્રેમભક્તિમાં ઝૂલે છે.' બંને વચ્ચે એક ક્ષણનો પણ વિયોગ પોસાતો નહોતો. સત્પુરુષ પ્રત્યે આવો પ્રેમભાવ તે આત્મરુચિનો દ્યોતક છે, તેમજ સમકિતનું પણ બીજ છે.

વળી અંતરમાં ગુણનિધાનરૂપ નિજ આત્મસ્વરૂપની સ્પષ્ટ અનુભવાંશે ઓળખાણ થવાથી, સ્વ-રૂપની અનન્ય રુચિ ઊમટવી, તે નિજ પ્રભુની પ્રેમભક્તિ છે જે સમકિતની અંગભૂત છે.

માર્ગભક્તિ : મોક્ષમાર્ગમાં સ્થિત સર્વ ધર્માત્માઓ પ્રત્યે બહુમાનના પરિણામ થવા, તે માર્ગભક્તિ છે. તેમજ જેને અંતરમાં ત્રિલોકનાથ વશ થવા છતાં જે અટપટી દશાએ વર્તે છે અર્થાત્ આટલી બધી સમર્થતા છતાં જેમને ગર્વ નથી, ગૌરવ નથી, ઉન્મત્તતા નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષ પ્રત્યે; તથા સ્વરૂપગુપ્ત થઈ જવાથી જે બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ દશાએ બિરાજમાન છે. એવા તેઓશ્રીના પરમ સંયમ પ્રત્યે; જે ભક્તિના પરિણામ ઉલ્લસિત થાય, તે માર્ગભક્તિ છે.

વળી, અંતરમાં સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની ઉપાસના માટે ઉલ્લાસિત વીર્યના પરિણામ, તે નિશ્ચય માર્ગભક્તિ છે.

અહીં ઉલ્લેખનીય છે કે, જેને દર્શનમોહનો અભાવ વર્તે છે એવા મોક્ષમાર્ગમાં વિચરતા મહાત્માઓ પ્રત્યે મુમુક્ષુ જીવને વિનય - બહુમાન થવાથી, દર્શનમોહનો અનુભાગ ઘટે છે, તેથી તેને માર્ગની સમીપતા થાય છે. 'માર્ગભક્તિ' તે ગુરુ - ભક્તિ અર્થાત્ મોટા પુરુષની ભક્તિ છે.

પરાભક્તિ : છેવટની હદે ભક્તિ - મહિમાના પરિણામ થવા, તે પરાભક્તિ છે. જ્યારે આત્માને નિજ અનંત મહિમાવંત સ્વરૂપની ઓળખાણ થતાં, સ્વરૂપ-મહિમા વૃદ્ધિગત થતાં છેવટે ઐક્યભાવ થઈ જવો, તે પરાભક્તિ છે. 'સર્વાર્થસિદ્ધિ'માં તેને સ્વરૂપની ભાવનારૂપ ભક્તિ કહી છે.

અભેદભક્તિ : સ્વસ્વરૂપાશ્રયે આત્માનાં સર્વ પરિણામો અભેદભાવે વર્તે તે અભેદભક્તિ છે. નિજ પરમાત્મા સાથે અભેદતા સધાતાં, સ્વરૂપ સંબંધી કોઈ ભેદ-વિકલ્પ રહેતો નથી, અને નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ હોય છે. આત્મા અનંત દિવ્ય ગુણોથી ભરિતાવસ્થ છે. ગુણો પરસ્પર ભિન્ન ભિન્ન હોવા છતાં તેઓ આત્માપણે અભેદ છે. એવા અભેદસ્વરૂપની દૃષ્ટિમાં, ગુણભેદની અપેક્ષા પણ નિરસ્ત થઈ જાય છે. અને સર્વ ભાવથી અભેદતા સધાય છે.

રહસ્યભક્તિ : શ્રી જિનવાણીમાં વ્યવહાર અને નિશ્ચય ભક્તિનું પ્રતિપાદન થયું છે, તેમાં રહસ્ય સમાયેલું છે. તે રહસ્ય જો લક્ષગત થાય તો જીવન સુમગતાથી પરમાર્થને સંપ્રાપ્ત થાય છે. જ્ઞાનમાર્ગે અને ક્રિયામાર્ગે પરમાર્થ સાધવામાં જે દુરારાધ્યતા છે તે ભક્તિમાર્ગે નથી, તે ભક્તિનું રહસ્ય છે. યદ્યપિ જ્ઞાનનું મૂલ્ય સર્વ વિદિત છે તથાપિ ''ભક્તિ વિના જ્ઞાન શૂન્ય છે.'' ( - પરમ કૃપાળુદેવ). તે વિસ્મરણ કરવા યોગ્ય નથી. જ્યાં જ્ઞાન યથાર્થ હોય ત્યાં ભક્તિ-ભાવ અવિનાભાવીપણે સમુત્પન્ન થાય છે. અને જ્યાં શુદ્ધ અંતઃકરણથી ભક્તિ-ભાવ સ્ફુરાયમાન થાય છે ત્યાં જ્ઞાનની સહજ નિર્મળતા થાય છે, મોહનું બળ પણ ક્ષીણ થાય છે. જીવને માર્ગની પ્રાપ્તિમાં સર્વથી મોટો પ્રતિબંધક કારણ જે મોહ છે; તેનું નિરસન ઉક્ત પ્રકારની ભક્તિનાં પરિણામો વડે સુગમતાએ કરી થાય છે. - આ રહસ્યભૂત કારણની સિદ્ધિ, તે રહસ્યભક્તિ છે. જેને આવું ભક્તિનું રહસ્ય યથાર્થપણે સમજાય તો તેને ભક્તિમાર્ગ પ્રત્યે જુગુપ્સા થતી નથી. બલ્કે તે એ રહસ્યભક્તિનો સિદ્ધિ ઉપાસના અર્થે વિશેષ ઉદ્યમવંત હોય છે. એવા આત્માર્થીજીવના જીવનનું એકમાત્ર લક્ષ પહેલેથી જ પૂર્ણ શુદ્ધિનું હોવાથી તે રાગ-પ્રધાનતાથી, ઓઘસંજ્ઞામાં રહી રાગમાં રોકાતો જ નથી. તેમજ તેને નિરંતર આત્મજાગૃતિપૂર્વક પોતાનાં ભાવોનું અવલોકન વર્તતું હોય છે.

વળી, ઉક્ત ભક્તિનું આ રહસ્ય છે કે : તેવી યથાર્થ ભક્તિ વડે દર્શન મોહ અને સ્વચ્છંદની હાનિ, અને મળ-વિક્ષેપ આદિ દોષોની નિવૃત્તિ, સહજપણે અને સુગમતાએ થાય છે.

વળી, અનેક મહાન આચાર્યોએ શ્રી તીર્થંકરદેવના સ્તોત્ર અને સ્તવન દ્વારા ગહન તત્ત્વ / સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે. અનેક ધર્માત્માઓએ પણ દ્રવ્યાનુયોગના પરમ ગંભીર અને સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રવચનરહસ્યને નિર્ગ્રંથ ગુરુના પરમ ગુરુના નામે સ્તવનાદિમાં સમાવ્યું છે, ગાયું છે. તેવી રચનાઓને તેઓનો માત્ર રાગ માનવો તે ઉચિત નથી. અપિતુ તે તો તેઓશ્રીનો સ્તુતિપાત્ર વિવેક છે.

આત્માર્થીજીવને શ્રદ્ધા અને જ્ઞાન નિર્મળ થવાનું પૂરકતત્ત્વ, રહસ્યમયરીતે, ભક્તિ થાય છે. ઉક્તપ્રકારની સમીચીન / યથાર્થ સમજ તે ખરેખર રહસ્યભક્તિ છે.

યોગભક્તિ : આ શબ્દનો પ્રયોગ, શ્રીમદ્ પદ્મપ્રભમલધારીદેવે શ્રી 'નિયમસાર' પરમાગમની ટીકામાં કર્યો છે. તેઓશ્રીએ ભક્તિ-અધિકારમાં, 'ઉપયોગનું પરમસ્વરૂપમાં જોડાણ થવું' તેને યોગભક્તિની સંજ્ઞા આપી છે. ગાથાઃ ૧૩૭-૧૩૮માં કહ્યું છે કે : અખંડ પરમાનંદસ્વરૂપમાં જોડાણરૂપ યોગભક્તિ, તે મુનિઓને નિર્વાણની હેતુભૂત છે. અને સર્વ મુનિશ્વરો તે માર્ગે નિર્વાણને પામ્યાં છે. વળી, ગાથા - ૧૩૯માં અન્ય વિવક્ષાથી એવું નિરૂપણ કર્યું છે કે : જિનોક્ત તત્ત્વોમાં આત્માને જોડવો તે યોગભક્તિ છે. તેમજ આવા પરિણામોને અન્યત્ર 'સમાધિભક્તિ' ની પણ સંજ્ઞા આપી છે.

નિર્વાણભક્તિ : જે સમ્યક્ રત્નત્રય - પરિણામોનું ભજન છે, તે 'નિશ્ચયભક્તિ' છે. ( - 'નિયમસાર' ગાથા : ૧૩૪) આ નિશ્ચયભક્તિ નિર્વાણના કારણભૂત હોવાથી તેને 'નિર્વાણભક્તિ' કહી છે. આ ભક્તિ વડે સ્વરૂપ- પ્રાપ્તિ થાય છે.

સિદ્ધપદના અભિલાષી જીવો દ્વારા, પોતાના આદર્શસ્વરૂપ, નિર્વાણને સંપ્રાપ્ત એવા સિદ્ધ પરમાત્માની ભક્તિ, તે સિદ્ધભક્તિ છે. એવી ભક્તિ, વ્યવહારભક્તિ છે; તેમાં નિજ સિદ્ધપદના સ્મરણનો અભિપ્રાય ગર્ભિત છે.

શ્રુતભક્તિ : શ્રી સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ, શ્રી ગણધરાદિ નિર્ગ્રંથ ગુરુભગવંત અને મૂર્તિમાન આત્મજ્ઞાનસ્વરૂપ સત્પુરુષોની વાણી, તે દ્રવ્યશ્રુત છે. તેની ઉત્પત્તિ આત્મકલ્યાણરૂપ સ્વરૂપાનુસંધાન સહિત થઈ હોવાથી તે, જેની કાળલબ્ધિ પાકી ગઈ છે એવા જીવોને આત્મકલ્યાણમાં - ભાવશ્રુત પ્રગટ થવામાં નિમિત્ત પડે છે. અને તેવું નિમિત્તત્વ તેમાં સદાય રહેલું હોવાથી તેનું પૂજ્યપણું સુવિદિત, સુપ્રસિદ્ધિ અને સર્વમાન્ય છે. આ રીતે દ્રવ્યશ્રુતરૂપ જિનવાણી પ્રત્યે પૂજ્યબુદ્ધિપૂર્વક બહુમાનના પરિણામ, તે શ્રુતભક્તિ છે. શ્રી 'સમયસાર કળશ ટીકા' (કળશ-૨) માં શ્રી જિનવાણીને 'સર્વજ્ઞસ્વરૂપઅનુસારિણી' કહીને તેની પૂજ્યતા દર્શાવી છે.

મોક્ષમાર્ગી ધર્માત્માઓ છદ્મસ્થઅવસ્થાએ હોવા છતાં તેઓશ્રીની વાણી, નિજ અંતર, સર્વજ્ઞસ્વભાવને સ્પર્શીને સહજભાવે વ્યક્ત થતી હોવાથી તે વાણી, સર્વજ્ઞસ્વરૂપઅનુસારિણી હોય છે. ત્રણે કાળનાં સર્વ જ્ઞાનીઓની વાણી પૂર્વાપર અવિરોધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે; અને અનુભવસહિતપણું હોવાથી તેમાં એક પરમાર્થનો જ આશય સન્નિહિત હોવાથી તે વાણી, આત્માર્થી માટે પરમ ઉપકારભૂત નિમિત્ત છે. તેથી તે પૂજ્યની છે, અભિવંદનીય છે.

વળી, શ્રુતભક્તિવંત અને પ્રભાવનાઅંગધારક સર્વ સમ્યગ્દષ્ટિ મહાત્માઓને એવી ભાવના, શ્રુતભક્તિને લીધે, વર્તતી જ હોય છે કે : જીવોનાં કલ્યાણ માટે એવી પરમ ઉપકારભૂત વાણી અર્થાત્ સત્શ્રુતનો વધુમાં વધુ પ્રચાર - પ્રસાર થાઓ કે જેના નિમિત્તે સર્વ જીવ રાશિ સંસારક્લેશથી પરીમુક્ત થાય. તેવી જ રીતે એવી

ભાવના, જ્ઞાનીના માર્ગને દ્રઢતાથી અનુસરણ કરવાવાળા મુમુક્ષુને પણ વર્તે છે.

શ્રુતભક્તિ વડે મુમુક્ષુજીવને દર્શનમોહનો અનુભાગ ઘટે છે અને તેથી જ્ઞાનાદિ ભાવમાં નિર્મળતા / વિશુદ્ધતા પ્રાપ્ત થાય છે. યદ્યપિ બાહ્યમાં ઉપાસ્યને કર્તાઆદિ બનાવીને ભક્તિ કરવામાં આવે છે પરંતુ અંતરંગ ભાવો સાપેક્ષ થવાથી જ તે (ભક્તિ) સાર્થક છે અન્યથા નહીં. આત્મસ્પર્શી ભક્તિ એ જ સાચી ભક્તિ છે. ભક્તિ, મોક્ષમાર્ગનું પ્રધાન અંગ છે. જેની મહત્તાવશ સમર્થ આચાર્યોએ પણ ભક્તિપાઠ રચ્યાં છે. ઉદાહરણાર્થ પ્રાકૃતમાં ભક્તિના પાઠ આચાર્ય કુંદકુંદદેવ અને પદ્મનંદિદેવ કૃત ઉપલબ્ધ છે. અને સંસ્કૃતમાં ભક્તિપાઠ આચાર્ય પૂજ્યપાદસ્વામી અને આચાર્ય શ્રુતસાગર દ્વારા રચિત ઉપલબ્ધ છે. જિનાગમમાં સાધુઓની નિત્ય નૈમિત્તિક ક્રિયાઓના પ્રયોગમાં આવવાવાળી તેર પ્રકારની ભક્તિઓનું વર્ણન પણ મળે છે. તેમજ સાધુને આહારદાન વખતે નવધાભક્તિ, તથા સાધુના નિત્યના કૃતિકર્મમાં ચતુર્વિંશતિસ્તવનનું પણ વર્ણન મળે છે.

અંતમાં, અનેક દોષોની નિવૃત્તિ અને આત્માર્થીને યોગ્ય અનેક ગુણોની પ્રાપ્તિનું કારણ સમજીને ભક્તિનું મહત્ત્વ અવધારણીય છે.

ઉલ્લેખનીય છે કે, પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ અતિ સુંદર અને અભિનવ ભાવ-પ્રયોગે ફરમાવ્યું છે કે : જ્ઞાનીગુરુની ભક્તિ શુદ્ધાચરણથી પ્રાપ્ત થાય છે. અથવા જ્ઞાનીની આજ્ઞા, તેની ઉપાસના રૂપ સદ્વર્તન એ જ્ઞાનીપુરુષની ભક્તિ છે. જે જીવને જ્ઞાનીના માર્ગે ચાલવાનો દ્ર નિશ્ચય હોય તે અવશ્ય સંસાર તરી જાય છે. આવા ભક્તિમાન જીવને, પાત્રતાના અંગભૂત વૈરાગ્ય, સરળતા, નમ્રતા, ક્ષમાદિગુણો સહજમાત્રમાં ઉદ્ભવે છે. જેથી ક્રોધાદિ ચારેય પ્રકૃતિઓ સ્વયમેવ ઉપશાંત થાય છે. જીવને અનેક પ્રકારનાં પ્રતિબંધનાં નિરસન માટે ભક્તિ એ એક સુગમ સાધન છે. યદ્યપિ આત્મજ્ઞાન વિના સર્વદોષ અને દુઃખોનો ક્ષય થતો નથી; તેથી તેની દુર્ઘટતા દેખીને, નિષ્કારણ કરુણાશીલ એવા સત્પુરુષોએ આત્મજ્ઞાનને કારણભૂત એવો જે ભક્તિમાર્ગ, તેને પ્રકાશ્યો છે; જે સર્વને સુગમપણે શરણરૂપ છે.

જેનાથી જીવને પરમાં પોતાપણું થઈ રહ્યું છે એવો જે અહંભાવ, કે જેની નિવૃત્તિ થવી અતિ દુષ્કર હોય છે; તેની નિવૃત્તિ થઈ, બીજે ક્યાંય રોકાવું ન થાય, સર્વ વિકલ્પ મટે, અને સર્વ સિદ્ધિ સંપ્રાપ્ત થાય, તેવું સરળ / સુગમ સાધન - આત્મકલ્યાણની પૂરેપૂરી ગરજથી ઉત્પન્ન - ભક્તિ છે. અત્ર નોંધપાત્ર વાત એ છે કે, ભક્તિ એ સાધન છે, સાધ્ય નથી. સાધ્ય તો પૂર્ણ પવિત્ર નિર્વાણપદ છે.


વળી, મોક્ષમાર્ગની પ્રાપ્તિ સિવાય જન્મ-મરણનો અંત આવી શકતો નથી. અને તેવા મોક્ષમાર્ગની પ્રાપ્તિ યોગ્યતા વિના સંભવિત નથી. અને યોગ્યતાની પ્રાપ્તિ સરળતા, વૈરાગ્ય, ભક્તિ સહિત સત્સંગની ઉપાસના વડે થાય છે. માટે મોક્ષમાર્ગ અને તેની સમીપતાર્થે યોગ્યતા કેળવવી પરમ આવશ્યક છે.

જે અધ્યાત્મવિદ્યા સદ્ગુરુના પરમ વિનયથી પ્રાપ્ત થાય છે, તે વિનય, ભક્તિની જ આચરણરૂપ પર્યાય છે. અને તેવા આચરણને નવધા ભક્તિ કહી છે.

ઉક્ત વ્યવહાર અને નિશ્ચય - બંને પ્રકારની ભક્તિ અત્યંત પ્રયોજનીય છે. માટે આત્મશ્રેયના અભિલાષી જીવે ભક્તિના સ્વરૂપને યથાર્થપણે સમજી તેને રૂડી રીતે અંગીકાર કરવી ઘટે છે. માત્ર પદ્ય / ભજન ગાવા - ગવરાવવાની રૂઢિ તે ભક્તિનું પર્યાપ્ત સ્વરૂપ નથી, તેથી તેવા પ્રકારમાં જ અટકવું યોગ્ય નથી.

(–'તત્વાનુશીલન'માંથી)

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧૩–A



પ્રશ્ન :– 'ગુરુદેવ' ફરમાવે છે કે આ 'સમયસારજી' આગમોનું પણ આગમ છે. લાખો શાસ્ત્રોનો નિચોડ છે. જૈનશાસનનો સ્તંભ છે. સાધકને કામધેનુ અને કલ્પવૃક્ષ છે. તથા છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને ઝુલતા મહામુનિના અનુભવમાંથી આવેલી આ વાણી છે. 'ગુરુદેવે' જે આગમોનું પણ આગમ કહ્યું એ ક્યા ભાવથી કહ્યું છે એ કૃપા કરીને સમજાવોને.

ઉત્તર :– આગમનું આગમ છે. પરમાગમ છે. દરેક આગમનું આગમ છે. અધ્યાત્મથી ભરેલું છે. આત્માને મુક્તિનો માર્ગ મળે એવું છે. આત્માના સ્વરૂપની વાત છે. અને મુનિરાજ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા મુનિરાજે કરેલું છે પણ આગમોનું આગમ છે. દરેક આગમોનું આગમ. જેનામાંથી મુક્તિનો માર્ગ મળે એવું છે. અધ્યાત્મનો આખો બધો ભંડાર ભરેલો છે. માટે આગમનું આગમ કીધું છે. પરમાગમ. દરેક આગમો પણ આ આગમ તો આગમનું આગમ છે. મુક્તિનો માર્ગ, આત્માનું સ્વરૂપ, આત્માનો સ્વભાવ કે આત્મા આશ્ચર્યકારી વસ્તુ છે એની સ્વાનુભૂતિ કેવી હોય? એનો મુક્તિનો માર્ગ કેવો હોય? જ્ઞાતાનો-કર્તાનો. બધું અનેક જાતનું સ્વરૂપ એમાં આવેલું છે. માટે આગમનું આગમ છે. કામધેનુ ગાય જેવું છે. જે જોઈએ એ બધું એમાંથી મળે છે. બધું નિશ્ચય-વ્યવહારની સંધિ બધું એમાંથી મળે છે.

પ્રશ્ન :– કલ્પવૃક્ષ કહ્યું.

ઉત્તર :– કલ્પવૃક્ષ છે. જે ઈચ્છે તે મળે છે. બધું એમાંથી મળે છે. બધું એમાં આવી ગયું છે. માટે આગમનું આગમ છે. વસ્તુ કેવી, નિશ્ચયથી શું, વ્યવહારથી શું. એનો મુક્તિનો માર્ગ શું? જ્ઞાતા-કર્તા બધું અંદર ભેદજ્ઞાનનું સ્વરૂપ બધું આવે છે. સ્વાનુભૂતિ કોને કહેવાય એ બધું આવે છે.

પ્રશ્ન :– હે માતાજી! છ માસ સુધી પુરુષાર્થ કરે. કદાચ મંદ પુરુષાર્થ સતત ચાલુ રહે અને સમ્યગ્દર્શન થાય તો આ ભૂમિકા કઈ પ્રકારની કહેવાય?

ઉત્તર :– શું ભૂમિકામાં?

પ્રશ્ન :– છ માસ સુધી મંદ પુરુષાર્થથી પણ સતત પુરુષાર્થ ચાલુ રહે તો એને સમ્યગ્દર્શન થાય. તો એ ભૂમિકા કેવી?

ઉત્તર :– મંદપુરુષાર્થ કરે અને સમ્યગ્દર્શન થાય. એને છ મહિના સુધી મંદ પુરુષાર્થ એવું ક્યાં આવે છે?

પ્રશ્ન :– પછી પુરુષાર્થ ઉપડી જાય છ મહિને વચ્ચે-વચ્ચે.

ઉત્તર :– એવો તો કાંઈ નિયમ નથી હોતો કે છ મહિના સુધી ઉગ્ર પુરુષાર્થ સાધે. કોઈને ઉગ્ર-મંદ એમ થયા કરે. કોઈને મંદ થઈ જાય, વળી ઉગ્ર થઈ જાય, વળી મંદ થઈ જાય, ઉગ્ર થઈ જાય. પણ એનો પુરુષાર્થ ચાલુ રહે એમ. એવો કાંઈ નિમય નથી હોતો કે છ મહિના

સુધી કોઈને એકધારો ચાલે, કોઈને મંદ થાય, કોઈને તીવ્ર થાય. એમ થયા કરે. એમ છ મહિના સુધી કરે. એક ધારું પણ તૂટી ન જાય પુરુષાર્થ. એકધારું ચાલ્યા કરે. એમાં કોઈ એવી પુરુષાર્થની જરૂર, પુરુષાર્થ ઉપડે તો સમ્યગ્દર્શન થાય છે. એ તો કાંઈ નિયમ નથી હોતો.

પ્રશ્નઃ- સમ્યક્ સન્મુખ કહેવાય ખરો?

ઉત્તર :- જે પુરુષાર્થ કરે છે તે સમ્યક્ તો સન્મુખ છે. એકધારો પુરુષાર્થ. એકધારાનો અર્થ એવો નથી કે એમાં ક્ષયોપશમ છે એટલે ક્ષયોપશમભાવે પુરુષાર્થ છે એટલે તીવ્ર-મંદ, તીવ્ર-મંદ થયા કરે. સમ્યક્ત્વ સન્મુખ છે.


પ્રશ્ન :- છ માસમાં ન થાય તો આને ઉભયાભાસી કહીએ કે નિશ્ચયાભાસી કે વ્યવહારાભાસી કહીએ?

પ્રશ્ન :- છ માસ સુધી પણ જેના પુરુષાર્થમાં સમ્યગ્દર્શન નથી આવતું તો આમાં નિશ્ચયાભાસી કહીએ કે વ્યવહારાભાસી કહીએ કે ઉભયાભાસી કહીએ?

ઉત્તર :- એમાં છ મહિના કર્યો અને પછી ન થયું તો એનો પુરુષાર્થ મંદ છે એમ થયું. એમાં કાંઈ નિશ્ચયાભાસી અને વ્યવહારાભાસી એવું કાંઈ લાગુ પડતું નથી. નિશ્ચયાભાસી અને વ્યવહારભાસી અને બેય ભાસી એવું કાંઈ એમાં લાગુ પડતું નથી કે છ મહિના સુધી ન થયું એટલે નિશ્ચયાભાસી છે કે વ્યવહારાભાસી છે. એ તો પુરુષાર્થ એનો મંદ છે. એ તો એની દૃષ્ટિ એકલી શુષ્ક ઉપર એક પર્યાયને કાઢીને આત્મા એકલો શુદ્ધ છે, શુદ્ધ છે. બધું જે થવાનું હોય એ બધું. હૃદય જેનું ભીંજાયેલું નથી એવી જેની પરિણતિ હોય એને નિશ્ચયાભાસી કહેવાય છે. અને એકલું વ્યવહારથી થાય એવી માન્યતા હોય એને વ્યવહારાભાસી કહેવાય છે. અને કોઈ આમ પણ છે અને આમ પણ છે એમ કર્યા કરે. પણ અંદર નિશ્ચય-વ્યવહારની સંધિ સમજતો નથી અને નિશ્ચય પણ સાચો અને વ્યવહાર પણ સાચો. એમ બેયની સરખી કોટી મૂકી દે છે તો એ બે નિશ્ચયાભાસી-વ્યવહારાભાસી છે. જેના આવા અભિપ્રાયો છે તે. પણ મંદપુરુષાર્થ છે માટે છ મહિનામાં ન થયું માટે નિશ્ચયાભાસી કે વ્યવહારાભાસી એવું લાગું નથી પડતું.

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (નવેમ્બર-૨૦૨૨)નું શુલ્ક શ્રી સુમતિલાલ શિવલાલ શાહ પરિવાર, અમેરિકા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

### પત્રાંક - ૩૨૯

મુંબઈ, માહ વદ ૧૯૪૮

ન ગમતું એવું ક્ષણવાર કરવાને કોઈ ઈચ્છતું નથી. તથાપિ તે કરવું પડે છે એ એમ સૂચવે છે કે પૂર્વકર્મનું નિબંધન અવશ્ય છે.

અવિકલ્પ સમાધિનું ધ્યાન ક્ષણવાર પણ મટતું નથી. તથાપિ અનેક વર્ષો થયાં વિકલ્પરૂપ ઉપાધિને આરાધ્યા જઈએ છીએ.

જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી કોઈ જાતની ઉપાધિ હોવી તો સંભવે છે; તથાપિ અવિકલ્પ સમાધિમાં સ્થિત એવા જ્ઞાનીને તો તે ઉપાધિ પણ અબાધ છે, અર્થાત્ સમાધિ જ છે.

આ દેહ ધારણ કરીને જોકે કોઈ મહાન શ્રીમંતપણું ભોગવ્યું નથી, શબ્દાદિ વિષયોનો પૂરો વૈભવ પ્રાપ્ત થયો નથી, કોઈ વિશેષ એવા રાજ્યાધિકારે સહિત દિવસ ગાળ્યા નથી, પોતાનાં ગણાય છે એવાં કોઈ ધામ, આરામ સેવ્યાં નથી, અને હજુ યુવાવસ્થાનો પહેલો ભાગ વર્તે છે, તથાપિ એ કોઈની આત્મભાવે અમને કંઈ ઈચ્છા ઉત્પન્ન થતી નથી, એ એક મોટું આશ્ચર્ય જાણી વર્તીએ છીએ; અને એ પદાર્થોની પ્રાપ્તિ-અપ્રાપ્તિ બન્ને સમાન થયાં જાણી ઘણા પ્રકારે અવિકલ્પ સમાધિને જ અનુભવીએ છીએ. એમ છતાં વારંવાર વનવાસ સાંભરે છે, કોઈ પ્રકારનો લોકપરિચય રુચિકર થતો નથી, સત્સંગમાં સુરતી પ્રવહ્યા કરે છે, અને અવ્યવસ્થિત દશાએ ઉપાધિયોગમાં રહીએ છીએ. એક અવિકલ્પ સમાધિ સિવાય બીજું ખરી રીતે સ્મરણ રહેતું નથી, ચિંતન રહેતું નથી, રુચિ રહેતી નથી, અથવા કંઈ કામ કરાતું નથી.

જ્યોતિષાદિ વિદ્યા કે અણિમાદિ સિદ્ધિ કે માયિક પદાર્થો જાણી આત્માને તેનું સ્મરણ પણ ક્વચિત જ થાય છે. તે વાટે કોઈ વાત જાણવાનું અથવા સિદ્ધ કરવાનું ક્યારેય યોગ્ય લાગતું નથી, અને એ વાતમાં કોઈ પ્રકારે હાલ તો ચિત્તપ્રવેશ પણ રહ્યો નથી. પૂર્વ નિબંધન જે જે પ્રકારે ઉદય આવે, તે તે પ્રકારે૧... અનુક્રમે વેદન કર્યા જવાં એમ કરવું યોગ્ય લાગ્યું છે.

તમે પણ તેવા અનુક્રમમાં ગમે તેટલા થોડા અંશે પ્રવર્તાય તો પણ તેમ પ્રવર્તવાનો અભ્યાસ રાખજો અને કોઈ પણ કામના પ્રસંગમાં વધારે શોચમાં પડવાનો અભ્યાસ ઓછો કરજો; એમ કરવું અથવા થવું એ જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે.

કોઈ પણ પ્રકારનો ઉપાધિપ્રસંગ લખો છો તે, જોકે વાંચ્યામાં આવે છે, તથાપિ તે વિષે ચિત્તમાં કંઈ આભાસ પડતો નહીં હોવાથી ઘણું કરીને ઉત્તર લખવાનું પણ બનતું નથી, એ દોષ કહો કે ગુણ કહો પણ ક્ષમા કરવા યોગ્ય છે.

સાંસારિક ઉપાધિ અમને પણ ઓછી નથી. તથાપિ તેમાં સ્વપણું રહ્યું નહીં હોવાથી તેથી ગભરાટ ઉત્પન્ન થતો નથી. તે ઉપાધિના ઉદયકાળને લીધે હાલ તો સમાધિ ગૌણભાવે વર્તે છે; અને તે માટેનો શોચ રહ્યા કરે છે.

લિ. વીતરાગભાવના યથાયોગ્ય



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીનો પૂજ્ય ભાઈશ્રી શશીભાઈને લખેલ પત્ર

કલકત્તા, ૧૦-૬-૬૩

આત્માર્થી....

આપનો તા. ૩-૯ નો પત્ર મળ્યો. અગાઉનો પત્ર પણ સમયસર મળ્યો હતો.

આપે દશલક્ષણી પર્વ ત્રણ લોકમાં પરમ ઉત્તમ, નિર્ભય બનાવનાર, પરમ નિર્ભિક સિંહ-સ્વરૂપ એવા ‘શ્રી ગુરુદેવ’ના સાન્નિધ્યમાં મનાવ્યું હશે. તેઓ કહે છે કે, ‘સ્વભાવ અંશમાં જરાયે દોષ નથી.’ નિત્ય સ્વભાવમાં દૃષ્ટિ થંભી જવાથી ઉત્પન્ન થયેલા સહજ સ્વભાવમાં ક્ષમા આદિના દૂષિત ભાવો પ્રત્યક્ષ પરાશ્રિત-પરના (જડના) છે, તેથી સહજ ક્ષમાભાવ ત્રિકાલ જયવંત વર્તો. આપણે કદી દોષ કર્યો જ નથી એવો સ્વભાવ નિરંતર વૃદ્ધિ પામો. વિભાવના ગુંજારવમાં ગુંજતો રહેતો અજ્ઞાન ભાવ સહજ નાશ પામો. વિભાવમાં બંધાઈ જશો નહીં. સ્વભાવની સીમામાં નિરંતર અડગ સ્થિર રહો. ક્ષણિક વિભાવ વેદાઈ જતાં તે અધિકની સીમાને પાર કરી શકતો નથી. (એક સમયમાં વેદાઈ જાય છે.) એથી તે ત્યાં જ લય પામી જાય છે.

કર્તા-કર્મ-ક્રિયાના ભેદ જેમાં ભાસતા નથી,
અકર્તૃત્વ શક્તિ અખંડ રીત ધરીને રહે છે;
એના શોધક બનીને જ્ઞાન માંહિ જાણી લેજો,
તેનું લક્ષ થતાં અનંત સુખ પ્રાપ્ત થાય છે.

**જ્ઞાનકણિકા પત્ર દ્વારા મંગાવી પણ તે તો તમારી પાસે જ છે**. સ્વ-અવલંબનથી સહજ જ વિભાવથી અલગ થઈને, તે (જ્ઞાનકણિકા) પ્રગટતી રહે છે. **હે શશીભાઈ** ! અનેકાનેક જીવોની યોગ્યતા અક્ષય સુખના ઉદયની છે, તેથી તીર્થંકરથીયે અધિક એવા સત્પુરુષનો યોગ પ્રાપ્ત થયો છે. જેમની નિત્ય પ્રેરણા ત્યાંથી (સોનગઢના સત્પુરુષથી) વિમુખ કરાવીને પોતાના નિત્ય ભંડારની તરફ લક્ષ્ય કરાવતી રહે છે. અહીંથી જ પૂજ્ય ‘ગુરુદેવ’ના ન્યાયો અનુભવ સિદ્ધ બનીને ઢતા પ્રાપ્ત કરાવે છે.


‘જિન (નિજ) સુમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનેન,
જિન ધ્યાયંતે પરમ પદ, લહિએ એક ક્ષણેણ.’
(જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનથી-સમ્યગ્જ્ઞાનથી,
જિન ધ્યાન કરતાં પરમપદ, લહીએ ક્ષણ એકે.)

વાત્સલ્યાનુરાગી
**નિહાલચંદ્ર**

***

# જિનેન્દ્ર ભક્ત 'પૂજ્ય ભાઈશ્રી'






## જિજ્ઞાસુઓ માટે નિઃશુલ્ક ભેટ

**જિનવાણી પરમભક્ત પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી ૯૦મી જન્મજયંતીની** ખુશાલીમાં તેમના દ્વારા રચિત ૧૨ અંગના સારભૂત મોક્ષમાર્ગની વિધિના ગહન વિષય ઉપર સરળ ભાષામાં પ્રકાશિત **'સુવિધિ દર્શન'** મુમુક્ષુઓને માટે અતિ પ્રયોજનભૂત પ્રવચનો છે જે કોઈપણ જિજ્ઞાસુઓને તેમના સરનામે વહેલા તે પહેલાના ધોરણે નિઃશુલ્ક ભેટ મોકલવામાં આવશે.

રસ ધરાવતા સાધર્મીઓએ નીચે આપેલ વોટ્સ અપ નંબર ઉપર પૂરું નામ-સરનામું પિનકોડ સહિત સત્વરે મોકલવા વિનંતી.

ઉક્ત પ્રકાશન અતિ સુંદર અને સરળ ભાષામાં હોવાથી વાચકોના લાભાર્થે અથવા કોઈપણ ગ્રંથાલયો કે ધાર્મિક સંસ્થાઓને પણ ભેટ મોકલવામાં આવશે.

**સંપર્કઃ શ્રી નિરવ વોરા,**
**મો. ૯૮૨૫૦૫૨૯૧૩**